# પ્રાંતિજમાં પાણીનો કકળાટ યથાવત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એક પછી એક વિસ્તારોમાં પ્રાથમિક જરૂરિયાત એવું પીવાનું પાણી ના મળતાં નગરજનો પાલિકા ખાતે દોડી આવે છે ત્યારે પ્રાંતિજ ભાંખરીયા ટેકરા વિસ્તારોમાં પણ પાણી ના મળતાં મહિલાઓ પાણી માટે નગરપાલિકામાં દોડી આવી હતી અને નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલને રજુઆત કરી હતી.

પ્રાંતિજમાં છેલ્લા કેટલાય દિવસોથી છતા પાણીએ વિવિધ વિસ્તારોમાં સોસાયટીઓમાં પાલિકાની આયોજનની ખામીઓને લઈને નગરજનોને પીવાનું પાણી ના મળતાં પ્રાંતિજ પાલિકામાં એક પછી એક વિસ્તારની મહિલાઓ પાણીની રજુઆતોને લઈને પાલિકામાં દોડી આવે છે ત્યારે પાલિકા દ્વારા આયોજનપૂર્વક પાણીની વહેંચણી ના કરવામાં આવતાં પાણીની સમસ્યા ઉભી થઈ છે. કાયમી ઉકેલ હલ થાય તેવું હાલ તો પાણી માટે આવતાં નગરજનો જણાવી રહ્યાં છે. ત્યારે જોવાનું એ રહ્યું કે શું પ્રાંતિજ પાલિકા દ્વારા પીવાના પાણીનો કાયમી ઉકેલ લાવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું નહી તો હોતાં હે ચલતા હે જેવી હાલતો સ્થિતી પેદા થઈ છે.


તસવીર : સંજય રાવલ

## અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મુખ્ય આરોગ્ય અધિકારી

# વર્માના મનસ્વી વર્તનના વિરુદ્ધમાં સદસ્યોનો હોબાળો

અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોને છૂટા કરવા મામલે હોબાળો થયો હતો. જેમાં જિલ્લા પંચાયતના સભ્યો દ્વારા છૂટા મચાવ્યો હતો. આ બેઠકમાં છુટા કરાયેલા તમામ હેલ્થ વર્કર કર્મચારીઓને પર લેવા માટે સત્તાપક્ષ તેમજ વિપક્ષનો એકસૂર જોવા મળ્યો હતો જેને લઈને અનેક હતી જેમાં અધિકારીઓ તેમજ પંચાયતના સભ્યોનો સમાવેશ કરાયો છે. કમિટી હાઈકોર્ટના વકીલની સલાહ લઈને છૂટા કરાયેલા કર્મચારીઓને ફરજ પર


તસવીર : મેહુલ જોષી

કરાયેલા ૩૨ હેલ્થ વર્કરોને ફરજ પર પરત લેવા માટે માંગ કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી હર્ષિત ગોસાવી, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત જિલ્લા શદશ્યો, અધિકારી અને આગેવાનોની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભારે હોબાળો થયો હતો. જેમાં છૂટા કરાયેલા ૩૨માંથી ૫ કર્મચારીઓ કોર્ટમાંથી મનાઈ હુકમ લાવ્યા હોવા છતાં ફરજ પર પરત લેવામાં ન આવતા શાસક અને વિપક્ષના સદશ્યોએ જિલ્લા આરોગ્ય અધિકારીના વિરુદ્ધમાં સદશ્યોએ હોબાળો તર્કવિતર્ક સર્જાયા હતા. મહત્વનું છે કે અરવલ્લી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં ફરજ બજાવતા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોને બહારની યુનિવર્સિટીના પ્રમાણ પત્રો હોવાને કારણે તેમને ફરજમુક્ત કરાયા હતા જેને લઈ કેટલાય સમયથી વિવાદ ચાલતો હતો જેનો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં હોબાળો કરાતા તમામ સભ્યોએ અધિકારીને ભીષમાં લેતા સત્યતા શુ છે તેને ચકાસવા ૮ સભ્યોની ટિમ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે એક કમિટીની રચના પણ કરાઈ કેવી રીતે લઈ શકાય તે અંગે વિચારણા કરશે પરંતુ ગુજરાત સરકારના આરોગ્ય અને તબીબી વિભાગ દ્વારા મુખ્ય જિલ્લા અધિકારી તરીકે અમરનાથ વર્માને મુકવામાં આવેલ છે. વર્મા હાલની જગ્યાએ છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે આરોગ્ય અધિકારીનું પંચાયતના પદાધિકારીઓ સાથેનું વર્તન અસહકારભર્યું અને પંચાયતી રાજના સિદ્ધાંતો અનુરૂપ ના હોવાનો પણ સામાન્ય સભામાં આક્ષેપ કરતા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં હાજર સૌ કોઈ વિચારતા રહી ગયા હતા.

અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય જશુભાઈ પટેલે જણાવ્યું હતું કે જીલ્લા આરોગ્ય વિભાગ ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યું છે. જીલ્લા પંચાયતના તમામ સદસ્યોએ જીલ્લા આરોગ્ય અધિકારી ભ્રસ્ટાચારમાં તળબોળ છે, જરૂર જણાય તો તકેદારી આયોગ અને એન્ટી કરપ્શનમાં પણ જાણ કરી અધિકારીને બદલી કરી અન્ય અધિકારીની નિમણુંક માટે સરકારમાં રજુઆત કરવામાં આવશેનું જણાવ્યું હતું.

જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીએ જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા પર થયેલા આક્ષેપ અંગે તપાસ કરવાની બાંહેધરી આપી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

# દોલગઢ નજીક અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના દોલગઢ ગામની સીમમાંથી ચાર દિવસ અગાઉ પસાર થઈ રહેલ અજાણ્યા વાહનના ચાલકે બે જણાને હડફેટે લઈ ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ એક ઈજાગ્રસ્તનું મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગે ઈડર તાલુકાના પાનોલ ગામના બિપીનભાઈ ભુપેન્દ્રભાઈ દરજીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ ડિસેમ્બરના રોજ દોલગઢની સીમમાંથી પસાર થઈ રહેલ ફોર વ્હિલરના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈક નં. જીજે.૦૯. સીએલ. ૩૪૬૮ને ટક્કર મારતા બાઈક પર જઈ રહેલ બિપીનભાઈને તથા જયંતિલાલ શંકરલાલ ચૌહાણને ઈજા થઈ હતી. ત્યારબાદ અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો. તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા જયંતીલાલ ચૌહાણનું મોત નિપજ્યું હતું. બિપીનભાઈએ અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ગુજ. સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બીટી-સીબીસી ક્રેશ વર્કશોપનું આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૨૦

ગુજરાતના સાયન્સના સ્નાતક વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી, માઈક્રોબાયોલોજી કે બાયો કેમિસ્ટ્રી જેવા વિષયોમાં માસ્ટર ડીગ્રીનો કોર્સ કરવા આઈઆઈટી, આઈઆઈએસસી-બેંગ્લોર કે ટીઆઈએફઆર જેવી પ્રીમિયર ગણાતી રાષ્ટ્રની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશન લેવું હોય ત્યારે તેની પ્રવેશ પરીક્ષામાં સફળ થવું બહુ અઘરૂ-મુશ્કેલ પડતું હોય છે.

સાયન્સના સ્નાતક વિદ્યાર્થીઓની આ મુશ્કેલ સ્થિતિના ઉપાય રૂપે ગુજરાત સરકારના 'બાયોટેકનોલોજી મિશન' દ્વારા એક ખાસ વિભાગ ઉભો કરવામાં આવ્યો, જેનું નામ છે : "નેટવર્ક ઓફ બાયોટેકનોલોજી કેપેસિટી બિલ્ડિંગ સેલ"

આ સેલ (N-BT-CBC) અને ગણપત યુનિવર્સિટીના 'મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ'ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭થી ૨૨ ડિસેમ્બર-એમ છ દિવસના એક "ક્રેશ વર્કશોપ :૨૦૧૮-૧૯"નો પ્રારંભ થયો છે.

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયેલા આ વર્કશોપમાં ઉત્તર ગુજરાતની વિવિધ સાયન્સ કોલેજોના બીએસસીમાં ભણતા ૯૧ જેટલાં વિદ્યાર્થીઓને દેશના પ્રીમિયર સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ્સ માટેની પ્રવેશ પરીક્ષામાં પાસ થવાની સઘન તાલીમ આપવામાં આવશે. વિવિધ સાયન્સ-સબજેક્ટસના અને અન્ય વિષયોના ૧૫ જેટલાં નિષ્ણાતો આ વર્કશોપમાં પોતાની સેવાઓ આપશે.

આ ક્રેશ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તમામ તાલીમ, રીડિંગ મટીરિયલ તથા રહેવા-જમવાની સુવિધા તદ્દન નિઃશુલ્ક રીતે સુલભ બનાવવામાં આવી છે, તો ક્રેશ કોર્સ પુરો કરનાર વિદ્યાર્થીઓને તેનું પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે.

આ ક્રેશકોર્સના પ્રારંભ અવસરે યોજાયેલા સમારંભમાં ગણપત યુનિવર્સિટી પેટ્રન-ઈન-ચિફ તેમજ પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ, યુનિ.ના ડેપ્યુટી ડાયરેક્ટર પ્રો. ડૉ. આર.કે. પટેલ, ગણપત યુનિ.ની સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. અમિત પરીખ તેમજ સરકારના બાયોટેકનોલોજી મિશનના જોઈન્ટ ડિરેક્ટર (એચ.આર.) અનસુયાબેન ભાડલકર સહિત અનેક પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિ.ની અંગભૂત એવી મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સિસના વિદ્વાન પ્રાધ્યાપકો ડૉ. કવિન મહેતા, ડૉ. પ્રીતિ પટેલ અને નેહલ રામીએ આ ક્રેસ કોર્સમાં કોર્ડિનેટર તરીકેની મહત્વની જવાબદારી અદા કરી રહ્યા છે.

આગામી તા. ૨૧ થી ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન આ જ કોર્સના બીજા તબક્કાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



# પ્રાંતિજમાં ફેસબુક પર ખોટા ખોટા મેસેજ બાબતે ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર દ્વારા ફેસબુક ઉપર ખોટે-ખોટા મેસેજ કરી મહિલા કોર્પોરેટરના પતિને મા બહેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારતા મહિલા કોર્પોરેટ દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર મોહસીનભાઈ છાલોટીયા દ્વારા ફેસબુક ઉપર ખોટા-ખોટા મેસેજ કરેલ જે બાબતે ફરીયાદીની પત્ની નગરપાલિકા સત્તાપક્ષના કોર્પોરેટર મોજીબેન પુછવા જતાં અપક્ષ કોર્પોરેટર મોહસીનભાઈ દ્વારા એકદમ ઉશ્કેરાઈ જઈને ફરીયાદી લલ્લુભાઈ માલજીભાઈ રબારીને મા-બહેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં લલ્લુભાઈ રબારી દ્વારા અપક્ષ કોર્પોરેટર સામે પોલિસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે ગુનોનોધી આગળની તપાસ પ્રાંતિજ પોલિસ કોન્સ્ટેબલ હરીશચંદ્ર દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

## વેજપુર ગામની શ્રી જાગૃતિ વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા,તા.૨૦

શ્રી અરવલ્લી ગૃપ કેળવણી મંડળ,ટાકાટુકા સંચાલિત ભિલોડા તાલુકાના વેજપુર ગામની શ્રી જાગૃતિ વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ભાવનાબેન સુભાષભાઈ સડાતએ અંડર-૧૯ શાળાકીય એથલેટીકસ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડમાં રાજ્યકક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. શ્રી જાગૃતિ વિદ્યાલય, વેજપુર ગામનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રી અરવલ્લી ગૃપ કેળવણી મંડળ, ટાકાટુકા, શાળા સંચાલક ડી.કે. પ્રજાપતિ, શ્રી જાગૃતિ વિદ્યાલય આચાર્ય બી.ડી. પ્રજાપતિ, ડી.પી.એડ્. શિક્ષક જે.પી.મકવાણા તેમજ સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીને બિરદાવી પ્રોત્સાહિત કરી હતી.





**કિશનગઢ નવચેતન હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની કિશનગઢ નવચેતન હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.કિશનગઢ નવચેતન હાઈસ્કુલમાંથી સૌરાષ્ટ્ર દર્શનનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ચોટીલા, જુનાગઢ, ગિરનાર પર્વતારોહણ, વિરપુર, સોમનાથ, દિવ, બગદાણા, સાળંગપુર સહિત વિવિધ જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. નવચેતન હાઈસ્કુલના ૫૩ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસનો આનંદ માણ્યો હતો. નવચેતન હાઈસ્કુલ આચાર્ય હિંમતસિંહ એન. સિસોદીયા, સ્ટાફ પરીવારના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કર્યું હતું.

# પ્રાંતિજમાં યુવતીની છેડતી બાદ એકસંપ થઈ હુમલો કરાતા ફરીયાદ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે યુવતીની હાથ પકડીને છેડતી કરી આરોપીઓ દ્વારા એકસંપ થઈ ફરીયાદીના ઘરે જઈ ગાળો બોલી ફરીયાદીના ઘરે ઝગડો કરી માર મારતા પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ બારકોટ મસ્જીદ પાસે રહેતા ફરીયાદી નિસારમીયા સીરાજમીયા કુરેશી ઉ. વર્ષ-૪૦ના ફરીયાદના આધારે આ કામના આરોપી રાજ કમલેશભાઈ ભોઈ દ્વારા રસ્તામાં આવતી ફરીયાદીની દિકરી ઉ. વર્ષ-૧૫નો હાથ પકડી છેડતી કરતાં તેની બહેન ઉ.વર્ષ-૧૪ નીએ હાથ છોડી દેવા કહેતાં આ કામનાં આરોપીઓ ૧ થી ૩ નાઓએ ધમકીઓ આપી તેમજ આ કામના આરોપીઓ ૧,૨,૪,૫,૬નાઓ એકસંપ થઈ ફરીયાદીના ઘર ઉપર હુમલો કરી ઘરમા પ્રવેશ કરી ગાળો બોલી છેડતીમા રાજનું ખોટું નામ કેમ બોલો છો તેમ કહી સોહિલને ગડદાપાટુનો માર મારતા ફરીયાદી વચ્ચે છોડાવવા પડતાં બાદલ નૈનેશભાઈ ભોઈ હાથમાંની તબ્બલ (ફરસી કુહાડી) મારવા જતા ફરી વચ્ચે પડતાં જમણાં હાથે હથેળીમાં ઈજાઓ પહોચી હતી. જાનથી મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજીસ્ટ્રેટનો જાહેર નામાનો જાહેરમાં ભંગ કરી ગુનો કરતાં પ્રાંતિજ પોલિસે ફરીયાદીની ફરીયાદના આધારે છ વિરૂધ્ધ રાજ કમલેશભાઈ ભોઈ, બાદલ નૈનેશભાઈ ભોઈ, આકાશભાઈ ભોઈ, કમલેશભાઈ કનુભાઈ ભોઈ, જયદિપ કમલેશભાઈ ભોઈ, શર્મિલાબેન ભોઈ તમામે તમામ રહે. ભોઈવાડા પ્રાંતિજ વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલિસ સ્ટેશનના પીઆઈ કે.બી. પટેલ દ્વારા તપાસ હાથ ધરવા આવી છે.

# મેઘરજ માર્કેટયાર્ડના અનાજના વેપારીઓ સામે ફરિયાદ દાખલ

મેઘરજ, તા. ૨૦

મેઘરજ ખેતીવાડી ઉત્પન્ન સમિતી બજારે માર્કેટયાર્ડની બહાર અનાજની ખરીદ-વેચાણ કરતા સાત વેપારીયોના લાયસંસ ના મંજુર કરાયા છતાં પાંચ વેપારીયોએ માર્કેટયાર્ડની બહાર વગર લાયસંસે ખરીદી-અને વેચાણ ચાલુ રાખતા આખરે માર્કેટયાર્ડે પાંચ વેપારી સામે કોર્ટમાં ફરીયાદ દાખલ કરાવતાં માર્કેટયાર્ડની બહાર વેપાર કરતા લાયસંસ વગરના વેપારીઓમાં માં ફફડાટ ફેલાયો છે.

મેઘરજ તાલુકાના ઉન્ડવા ગામે અરવલ્લી જીલ્લા કલેકટરના રાત્રી રોકાણ કાર્યક્રમમાં મેઘરજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમાં વ્યાપારીયો દ્વારા ખુલ્લી હરાજીથી અનાજ ખરીદી અને વેચાણ કરવામાં આવે તે માટે તેમાટે ખેડુતો દ્વારા રજુઆતો કરવામાં આવી હતી.




મેઘરજ માર્કેટ યાર્ડમાં હાલ પંદરથી વધુ વેપારીઓ દુકાને અનાજની ખરીદ-વેચાણ કરે છે. પરંતુ કેટલાક વેપારી માર્કેટયાર્ડની બહાર અનાજનો વેપાર કરતા હોય તેવા વેપારીયો સાથે સમિતીએ અવાર-નવાર મીટીંગો કરી તેમજ નોટીસો પાઠવી મેઘરજ માર્કેટયાર્ડમાં દુકાને બેસીને અનાજનુ ખરીદ-વેચાણ કરવા જણાવાયુ હતુ પરંતુ આ વેપારીયોએ તેમની મનમાની કરતાં આખરે મેઘરજ માર્કેટયાડે આવા વેપારીયો સામે લાલ આંખ કરી બજાર ધારા મુજબ સાત વેપારીયોના લાયસંસ ના મંજુર કર્યા હતા પરંતુ સાત વેપારીયોમાંથી પાંચ વેપારી વગર લાઈસંસે માર્કેટબહાર પોતાનો વેપાર ધંધો ચાલુ રાખતાં આખરે મેઘરજ માર્કેટ યાર્ડે પાંચ વેપારીયો સામે નામદાર કોર્ટમા ફરીયાદ દાખલ કરતાં લાયસંસ વગરના વેપારીયોમાં ફફડાટ વ્યાપ્યો છે.

**ના મંજુર કરેલ લાયસંસ વેપારી**

મે.ચંપકલાલ એન્ડ કુ

એમ.આઈ.ટ્રેડર્સ

બાકરોલીયા મ.હનીફ દાઉદભાઈ

પટેલ યુસુફભાઈ સદીકભાઈ

ભાયલા ઈબ્રાહિમ રસુલ

બાકરોલીયા બાબુભાઈ સુલેમાન

ભાયલા એમતભાઈ રસુલભાઈ

**લાયસંસ ના મંજુર કરાયા છતાં માર્કેટયાર્ડની બહાર વગર લાઇસંસે વેપાર કરતા વેપારીઓ સામે કોર્ટમાં ફરીયાદ**

દોષી રમેચંદ્ર મણીલાલ

એમ.આઈ.ટ્રેડર્સ ના માલીક પટેલ મહમદભાઈ ઈબ્રાહિમભાઈ

બાકરોલીયા બાબુભાઈ સુલેમાનભાઈ

પટેલ યુસુફભાઈ સદિકભાઈ

મે.ચંપકલાલ એન્ડ કુ

મેઘરજ માર્કેટયાર્ડના સેક્રેટરી દિલીપભાઈ ચોહાણના જણાવ્યા પ્રમાણે મેઘરજ નગરમાં માર્કેટયાર્ડની બહાર અનાજની ખરીદ-વેચાણ કરતા સાત વેપારીયોના લાઈસંસ અગાઉ રદ કરાયા હતા. તેમાંથી પાંચ વેપારીયોએ વગર લાયસંસે અનાજની ખરીદ-વેચાણ શરૂ રાખતાં આ પાંચ વેપારીયો સામે નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

# થરા નગરપાલિકાના પૂર્વ પ્રમખ અને માજી રાજવીનું નિધન

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરામાં આવેલ એકમાત્ર થરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને થરા સ્ટેટના માજી રાજવી પરિવારના મુળરાજસિંહ (બાબાલાલ) ચંદ્રસિંહ વાઘેલાનું લાંબી માંદગી બાદ ગઈકાલે સવારે પાલનપુર હોસ્પિટલ અકાળે નિધન થતા તેમના પરિવાર તેમજ થરા નગરવાસીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. જેમના પાર્થિવદેહને પાલનપુરથી થરા ખાતે લાવવામાં આવ્યો હતો. દરબારગઢમાંથી પાલખીયાત્રા કાઢવામાં આવી હતી. પાલખીયાત્રામાં કાંકરેજ તેમજ દિયોદર તાલુકામાંથી રાજકીય, સમાજિક અગ્રણીઓ તેમજ થરા નગરના વેપારીઓએ સ્વયંભૂ ધંધા રોજગાર બંધ રાખી વહેપારી આલમ તેમજ થરા નગરજનો વિશાળ સંખ્યામાં પાલખી યાત્રામાં જોડાયા હતા અને અશ્રુભરી શ્રદ્ધાજલી આપી હતી.



# પ્રાંતિજ પાલિકામાં કોર્પોરેટરને માર મારતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકામાં નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર તથા નગરપાલિકા કોર્પોરેટર સ્વામીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ પાલિકા પાસે અપક્ષ કોર્પોરેટરને ગડદાપાટુનો માર મારતા કોર્પોરેટરને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો.

પ્રાંતિજ નગરપાલિકામાં અપક્ષ કોર્પોરેટર મોહસીન છાલોટીયા તથા નગરપાલિકા સત્તાપક્ષના કોર્પોરેટરોના સ્વામી મહેશસિંહ મકવાણા તથા લલ્લુભાઈ રબારી વચ્ચે પાલિકામાં સામાન્ય બોલા ચાલી થતાં બાદમા નગરપાલિકાથી અપક્ષ કોર્પોરેટર મોહસીનભાઈ ઘરે જતા હતા ત્યારે વેરાઈ માતાના મંદિર પાસે મહેશસિંહ મકવાણા તથા લલ્લુભાઈ રબારી દ્વારા મોહસીનભાઈને ઉભા રાખી અમારી વિરૂધ્ધ તથા પાલિકામાં કેમ બહુ બોલે છે અને તુ ફેસબેક ઉપર શું નવું નવું લખે છે તેમ કહીને મહેશસિંહ તથા લલ્લુભાઈ રબારી દ્વારા મોહસીનભાઈને ગડદાપાટુનો માર મારી ખમીસ ફાડી નાખી આ બધું બધ કરી દે નહી તો તને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈજાઓ પહોંચાડતા કોર્પોરેટર મોહસીનભાઈને શરીરે ઈજાઓ પહોચતા કોર્પોરેટરને સારવાર અર્થે પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યાં હતા. જયાં સિવિલના હાજર તબીબી દ્વારા પોલિસને જાણ કરતાં પોલિસે કોર્પોરેટર મોહસીન છાલોટીયાની પુછપરછ બાદ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.



# ભિલોડા તાલુકાના ટોરડા ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા સ્વામીનારાયણ ધામમાં સાબરકાંઠા બેંક નીચે, ટોરડા બસ સ્ટેન્ડ પાસે તા.૨૧/૧૨/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે તેમ ભિલોડા ઉદય સેવા સેવા સંસ્થાનના જીતેન્દ્ર સી.ભાટીયા,એડવોકેટએ જણાવ્યું હતું.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ,અમદાવાદ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉદય સેવા સંસ્થાન,ભિલોડા ધ્વારા આયોજીત ટોરડા ગ્રામ્ય વિસ્તાર પંથકના સેવાભાવી ગ્રામજનોના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન હાથ ધરાયું છે. દર્દીઓને મોતીયો હોઈ તો નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, અમદાવાદ, બારેજા મુકામે લઈ જઈ નિઃશુલ્ક નેત્રમણી સાથે મોતીયાનું ઓપરેશન નિષ્ણાંત ડાંક્ટરો ધ્વારા કરી આપવામાં આવશે.

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા ભિલોડા ખાતે એસ.બી.આઈ. (લાટી બજાર, શાખા) હાથમતી પુલ પાસે,અક્ષર પ્લાઝા,પ્રથમ માળે (દ્રષ્ટી કેન્દ્ર) વિઝન સેન્ટરમાં શુક્રવારે સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી નિષ્ણાંત ડાંક્ટરો ધ્વારા આધુનિક મશીનથી આંખોની ચકાસણી કરી આપવામાં આવે છે. આંખોના દર્દીઓએ નોંધ લેવા અનુરોધ કર્યો હતો.